# કોંગ્રેસ પક્ષનો મીડિયામાં ઝળહળાટ

**અરૂણ જેટલી**

**(વિરોધ પક્ષના નેતા, રાજ્ય સભા)**

લોકસભાની વર્ષ 2014ની ચૂંટણી આડે ત્રણ મહિના બાકી રહ્યા છે. આ ચૂંટણી અનેક તબક્કાઓ પર પાથરવામાં આવશે. વર્તમાન અપેક્ષા મુજબ જાહેરનામામાં ચૂંટણી માર્ચના અંતભાગમાં શરૂ થઈને એપ્રિલ કે મે 2014 સુધીમાં પૂર્ણ થાય એવી શક્યતા છે. કોંગ્રેસ પક્ષની જાહેરખબરો ટીવી અને આઉટડોર જાન્યુઆરીથી દેખાવાનું શરૂ થયું છે. ચૂંટણી જાહેખબરો એક ખર્ચાળ બાબત છે. જાહેરખબરોના સામાન્ય ખર્ચ ઉપરાંત કેટલાક પ્રસાર માધ્યમો જાહેરાતોના દરો પર ચૂંટણી પ્રીમિયમ દરો લગાવે છે. આ દર તેથી અનેકગણો વધી જાય છે. આ સામાન્ય પ્રથા ઉમેદવારી પત્રો દાખલ કરવાની પ્રક્રિયાની સાથે જ શરૂ થાય અને પ્રચાર અભિયાન છેલ્લા બે અઠવાડિયા જોરશોરથી વધારવામાં આવે છે .

કોંગ્રેસ પક્ષે જાહેરાત માટે વિશાળ બજેટની ફાળવણી કરી છે. તેની જાહેરખબરો ચાર મહિના સુધી ચાલશે. દેખીતી રીતે, સૂચિત જાહેરખબરોના વિશાળ પ્રમાણ ઉપરાંત તેમાં સમાવિષ્ટ સંદેશ વિચિત્ર છે. કોંગ્રેસ પક્ષે વડાપ્રધાનપદના ઉમેદવાર હાલના તબક્કે જાહેર નહિ કરવાનો નિર્ણય લીધો છે. અસરકારક રીતે, જાહેરખબર અભિયાનમાં કોંગ્રેસ પાર્ટીના 'પડદા પાછળના ઉમેદવાર' એટલે કોણ તે સવાલ આસપાસ જનતાનું ધ્યાન કેન્દ્રિત છે. અત્યાર સુધી દેખાય છે કે પ્રચાર અભિયાનમાં હાલના વડાપ્રધાનનો ઉલ્લેખ ભાગ્યે જ કરવામાં આવ્યો છે. યુપીએ સરકારની કામગીરીનો પણ ખૂબ ઓછો ઉલ્લેખ છે. તે ઉપરાંત

કોંગ્રેસ પક્ષના પ્રમુખનો પણ ઉલ્લેખ નથી. સમગ્ર અભિયાન રાહુલ ગાંધી આસપાસ કેન્દ્રિત છે. કોંગ્રેસે વડા પ્રધાનપદના કોઈ સત્તાવાર ઉમેદવાર જાહેર કર્યા નથી. જો કે, રાહુલ ગાંધી ખરેખર વડાપ્રધાનપદના ઉમેદવાર ન હોય તો શા માટે આ અભિયાન તેમની આસપાસ કેન્દ્રિત કરવામાં આવ્યું છે ?

આ પ્રશ્નનો જવાબ સ્પષ્ટ છે. કોંગ્રેસે સત્તાવાર રીતે વડા પ્રધાનપદના ઉમેદવાર તરીકે રાહુલ ગાંધીનું નામ જાહેર ન કરવાનું કારણ એ છે કે પ્રતિકૂળ પરિણામ આવે તો તેમને જવાબદાર ન ઠરાવાય. તેથી એક વાસ્તવિક ઉમેદવારને બદલે કાયદેસર ઉમેદવાર જાહેર કરવાની વૈકલ્પિક વ્યૂહરચનાનો પ્રયાસ કરે છે. હકારાત્મક પરિણામ આવે તો રાહુલ ગાંધીનું નામ જાહેર કરવામાં આવે અને નકારાત્મક પરિણામ આવે તો તેની જવાબદારી કોંગ્રેસ પક્ષના ખાતે લાદવામાં આવશે.

કોંગ્રેસ પક્ષે થોડા દિવસ પહેલા રાહુલ ગાંધીની ઈમેજ સુધારવા માટે વિશાળ રકમની ફાળવણી કરી હોવાની બાબતને નકારી કાઢી હતી. હવે તે બાબત ખોટી હોવાનું દેખાય છે. શું ઉમેદવારની કામગીરી સાથે અનુરૂપ ન હોય તેવી ઈમેજ જાહેરાતો દ્વારા બનાવી શકાય ખરી? તે નેતાઓ હકારાત્મક પરિસ્થિતિમાં જશ ખાટવા તૈયાર છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં તેઓની હાલત પત્તાના મહેલ જેવી છે. જાહેરખબરોથી પ્રોડક્ટને બજારમાં મૂકી શકાય, નેતાઓને નહિ.